ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૧૧-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

સીબીઆઈ અને સરકારી લક્ષ્મણરેખા

જેના અસ્તિત્વ સામે જ ગુવાહાટી હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓએ વાંધો ઉઠાવ્યો છે અને જેની વિરુદ્ધ ભાજપ સહિત લગભગ બધા જ વિરોધ પક્ષો બુમરાણ મચાવતા રહ્યા છે તે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દેશની સૌથી વિશ્વસનીય તપાસ એજંસી તરીકે હજી પણ જનસાધારણના હૈયે વસેલી છે. જ્યારે પણ કોઈ શંકાસ્પદ ઘટના બને છે ત્યારે એ જ વિપક્ષો અને અસરગ્રસ્ત સમુદાય સ્થાનિક પોલીસને બદલે સીબીઆઈ દ્વારા તપાસ થાય એવી માગણી મૂકતા હોય છે. સીબીઆઈની સુવર્ણજંયતી ટાણે જ એની સામે વિશ્વાસની કટોકટી જેવી પરિસ્થિતિ સરજાઈ છે. સુપ્રીમ કોર્ટે એને નહોર વિહોણા વાઘ કે પિંજરાના પોપટ સાથે સરખાવીને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરાવવાનું સૂચન કર્યું હતું ત્યારે સીબીઆઈના ડાઈરેક્ટર રણજિત સિંહાએ સીબીઆઈ કોઈ સ્વતંત્ર કે સ્વાયત્ત બૉડી નથી પરંતુ એ વડાપ્રધાન તેમજ ગૃહખાતા હસ્તકની જ એક સરકારી તપાસ એજંસી છે એવો નિખાલસ એકરાર કર્યો હતો. તેથી સરકાર આદેશ કરે ત્યારે સુપ્રીમ કોર્ટના આદેશને અવગણીને પણ એને કોલસાની ખાણોની વહેંચણી અંગેની તપાસ બાબતના કેટલાક ગોપનીય દસ્તાવેજો અને તપાસ અહેવાલ તત્કાલીન કાયદા મંત્રીશ્રી અશ્વિનીકુમારના કાર્યાલયને બતાવવા પડ્યા હતા. કાનૂની મંત્રીએ તપાસ અહેવાલના ડ્રાફટમાં સાનુકૂળ ફેરફારો કરાવી દીધા તે પછી જ એ અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ થયો હતો. આ મુદ્દે કોર્ટે સીબીઆઈના વડાનો ઊધડો લીધો હતો, જેથી તેઓ અત્યંત નામોશીભરી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. સીબીઆઈની વિશ્વસનીયતા સામે જૂના સમયથી વાંધાવચકા ઉઠાવાતા રહ્યા છે. જ્યારે ભાજપના બોલકા નેતાઓ એને 'કોંગ્રેસ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન' જેવું આક્ષેપ સૂચક નામ આપી દે છે ત્યારે એ ભૂલી જાય છે કે ક્યારેક કેન્દ્રમાં ઍનડીએ સરકાર પણ હતી. ક્યારેક કેન્દ્રમાં મોરારજી દેસાઈ, ચરણસિંહ કે ચંદ્રશેખર અને વીપીસિંહ કે દેવગોવડા અને ગુજરાલ જેવા બિનકોંગ્રેસી વડાપ્રધાનોની સરકારોનું રાજ પણ આવ્યું હતું. સીબીઆઈની મર્યાદા આંકતાં વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે પહેલી જ વાર ખોંખારીને કહ્યું છે કે કોઈ પણ પોલીસ કે તપાસ એજંસીએ આખરે તો કાર્યપાલિકા (એક્ઝિક્યુટિવ- અર્થાત્ ચૂંટાયેલી સરકાર) હસ્તક જ કામ કરવાનું હોય છે. તપાસ એજંસીની કામગીરીમાં સરકાર હસ્તક્ષેપ ન કરે તે ઉચિત ગણાય, અને આ મુદ્દે સીબીઆઈને પૂરી સ્વતંત્રતા અપાયેલી જ છે. પરંતુ એણે કામ તો વહીવટીતંત્ર હેઠળ જ કરવાનું છે. વહીવટી તંત્ર દ્વારા લેવાતા નિર્ણયો ક્યારેક વહેવારુ અભિગમથી લેવા પડતા હોય છે. આવા દરેક નિર્ણયને શંકાની નજરે જોવાથી સીબીઆઈ અને સરકાર વચ્ચે વૈમનસ્ય ઊભું થવાની સંભાવના રહે છે. સીબીઆઈની સુવર્ણજયંતિ પ્રસંગે એની કામગીરીને બિરદાવી વડાપ્રધાને એને એની લક્ષ્મણરેખા પણ આંકી બતાવી છે. એની કાયદેસરતા સામે ઊભા થયેલા પડકાર સામે વડાપ્રધાને એની રચનાપ્રક્રિયામાં રહી ગયેલી ક્ષતિઓ સુધારી લઈ એને તમામ પ્રકારે મદદરૂપ બનવાનું આશ્વાસન આપ્યું છે પરંતુ સાથે એમ પણ કહ્યું છે કે સીબીઆઈએ પણ સરકાર દ્વારા લેવામાં આવતા નીતિગત નિર્ણયોની તપાસ સાવચેતી રાખવાની જરૂર છે. ઉતાવળે લેવા પડેલા નીતિવિષયક નિર્ણય અન્વયે ક્યાંક જેન્યુઈન ચૂક થતી હોય તો એને ગુનાઈત કૃત્ય ગણી લેવાય નહીં. સીબીઆઈ જેવી રાષ્ટ્રીય તપાસ એજંસી પાસેથી નીરક્ષીર વિવેકની અપેક્ષા રહે જ. નીતિગત નિર્ણય શરૂઆતમાં ન્યાયસંગત લાગતા હોય અને વખત જતાં એ જ નિર્ણય ભૂલભરેલો પણ લાગી શકે. ત્યારે આવા નિર્ણય લેવામાં સરકારની નીયત ખોટી કે ખોરી હતી એવી ધારણા બાંધી લેવી ઉચિત નહીં ગણાવી જોઈએ. ઝડપી આર્થિક વિકાસની સાથે આવી ભૂલોની સંભાવના પણ રહેવાની જ. આર્થિક વિકાસ સાથે ભ્રષ્ટાચાર પણ વધવાનો. તેથી આયોજનપૂર્વક આચરેલી કુકૃત્ય અને બદઈરાદા વગર લીધેલા નિર્ણયમાં રહી ગયેલી ભૂલ વચ્ચેની ભેદરેખા સમજવી જરૂરી છે. સીબીઆઈ જેવી કેન્દ્રીય તપાસ સંસ્થાએ આ મુદ્દે સ્વવિવેક વાપરીને પોતાની ઈમેજ સુધારવાની જરૂર છે. વડાપ્રધાનને દુનિયાભરના ડેલિગેટોની હાજરીમાં દેશની અગ્રણી તપાસ સંસ્થાને આવી શિખામણ આપવી પડી એનું કારણ છેલ્લાં વર્ષો દરમિયાન ર-જી તેમજ કોલસા કૌભાંડમાં આદિત્ય બિરલા ગ્રૂપના કુમાર મંગલમ અને તત્કાલીન કોલસા સચિવ સામે ઍફઆઈઆર નોંધાતાં વડાપ્રધાન પોતે સીબીઆઈના સર્કજામાં આવી ગયા હતા. તેથી મનમોહનસિંહને નીતિવિષયક નિર્ણયોમાં થયેલી ચૂતને ભ્રષ્ટાચાર સાથે નહીં સાંકળવાનો ગર્ભિત સંદેશ આપવો પડયો છે. સીબીઆઈના વડા રણજિત સિન્હાએ વડાપ્રધાનની શિખામણ સામે દલીલ રજૂ કરતાં કહ્યું છે તેની પણ નોંધ લેવાવી જોઈએ. રાષ્ટ્રીય અને વૈશ્વિક સંદર્ભમાં કુદરતી સંપદાની ફાળવણી તકરારી મુદ્દો બની ગયેલ છે. નીતિ ઘડનારાઓએ એવી રીતે નિર્ણયો કરવા જોઈએ કે ખોટું થવાની શકયતા જ ન રહે. જો કે સીબીઆઈના વડાની આ રજૂઆત 'આદર્શ' રજૂ કરે છે. વ્યવહારમાં તો ચૂક થવાની સંભાવના રહેવાની જ. તેવે સમયે વિવેકદૃષ્ટિ જરૂરી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

એન.એસ.એસ. પ્રિ-પરેડ કેમ્પ અંતર્ગત આજથી સીલેકશન શરૂ થયું છે. કડી સંકુલ ખાતે તા. ૬ નવેમ્બરથી આવેલ વિવિધ રાજ્યોનાં યુવાઓમાંથી કુલ ૪૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. જેમાં ૨૦ ભાઈઓ અને ૨૦ બહેનો રહેશે. દિલ્લી ખાતે યોજાનાર ૨૬ જાન્યુઆરીએ પરેડમાં ભાગ લેવા પસંદગીનાં ધોરણો ફીઝીકલ ટેસ્ટ, કલ્ચરલ ટેલેન્ટ, કોમ્યુનિકેશન સ્કીલ, ઓવરઓલ પરફોર્મન્સનાં આધારે નક્કી કરવામાં આવે છે.

હરિની દૃષ્ટિ...

હવે શિયાળો છે... કપાલભાતી, પ્રાણાયામ કરવાવાળા રૂમાલ સાથે રાખે... બગીચામાં ગંદકી ન થાય...

જમીયતપુરાની મહિલા ગ્રામસભા રાજ્ય માટે મોડલરૂપ બની

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામની મહિલા ગ્રામસભા આજે રાજ્ય માટે મોડેલરૂપ બની છે અને આગામી દિવસોમાં મહિલાઓ માટેની ખાસ ગ્રામસભાઓ યોજવામાં આવશે. આજે યોજાયેલ ગ્રામસભામાં ૧૦ જેટલી મહિલાઓએ ગર્ભ પરીક્ષણ તેઓ ક્યારેય નહિં કરાવે તેવી પ્રતિજ્ઞા લઈ આ ગ્રામસભાને એક આગવી યાદગીરી આપી હતી.

આજે યોજાયેલ આ ખાસ ગ્રામસભામાં મહિલાઓના પ્રશ્નોને લઈ ખુલ્લી ચર્ચા-વિચારણા થઈ હતી અને તેનાથી પ્રભાવિત થયેલા કેન્દ્રના પંચાયતી રાજના અધિક સચિવ શ્રી પાંડાએ મહિલાઓના અભિગમને બિરદાવી રાજ્ય સરકારને દરેક જિલ્લામાં આવી ખાસ ગ્રામસભાઓનું અભિયાન છેડવાનો લેખિતમાં તેમજ મૌખિક આગ્રહ પણ કર્યો હતો.

આ -સંગે ગુજરાતના આંગણે પદ્યારેલા શ્રી ઋષિકેશ પાંડાને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાનના હસ્તે સીદીસૈયદની જાળીની સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી.

આ -સંગે ભારત સરકારના અધિક સચિવ શ્રી ઋષિકેશ પાંડાએ સરકાર દ્વારા બેટી બચાવો અંગેની લોકજાગૃતિ કેળવાય તે માટે અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે, પણ જયાં સુધી આ માટે મહિલાઓમાં લોક જાગૃતિ નહિં આવે અને સ્ત્રીભ્રૂણ હત્યા રોકવાના કાયદાઓ વિશે તેમને સમજ નહિં આવે ત્યાં સુધી આ અભિયાન વેગમાન નહિં બને તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

ખાસ મહિલા ગ્રામ સભાનો -નરંભ પણ ગામના મહિલા તલાટી કમ મંત્રી શ્રી જલ્પાબેન પારેખે શરૂઆત કરાવી કર્યો હતો. આ ગ્રામ સભામાં મહિલાઓ પર થતી ઘરેલું હિંસા અને તેને લગતા વિવિધ નૈની વિસ્તૃત વાત કરવામાં આવી હતી. આવી હિંસાનો ભોગ બનતી મહિલા પોતાનો બચાવ કેવી રીતે કરી શકે છે, તે માટે તેણે શું કરવું પડે, રક્ષણાત્મક-કાયદાકીય જોગાવાઈઓ જેવી અનેક બાબતોની માહિતી આપવામાં આવી હતી.

શ્રી ઋષિકેશ પાંડાએ જમિયતપુરા સ્માર્ટ સ્કૂલની અને ગ્રામ પંચાયતની વિઝિટર બુકમાં પોતાના -તિભાવમાં સારી કામગીરી અંગે -સન્નતા વ્યકત કરી હતી. સ્માર્ટ સ્કુલ ન્જેકેટ અંગે લખ્યું હતું કે, આ ન્જેકેટથી હું ખૂબ ખુશ છું, જેના દ્વારા શાળાનું પરિણામ ૧૦૦ ટકા -ાગ્ર થયું છે.

આ સભામાં સગર્ભા, ધાત્રી અને તરૂણીઓમાં હિમોગ્લોબીનની માત્ર ક્યારેક ઓછી જેવા મળે છે. હિમોગ્લોબીનની માત્ર ઘટતા મહિલાઓને શું શું તકલીફ ઉભી થાય છે. તેમજ હિમોગ્લોબીનની માત્ર શું ખાવા - પીવાથી વધે તથા રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓની પણ માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત કુપોષણ, જનની સુરક્ષા, બાળ સમા યોજના, ખિલ ખિલાટ વાનની યોજના જેવી અન્ય આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી મહિલાઓને આપવામાં આવી હતી.બેટી બચાવો અભિયાન, મહિલા શિક્ષણ અને કન્યા કેળવણી,ગામની -ાથમિક સુવિધા જેવી કે પીવાના પાણી અને સેનેટેશન, મહિલા અને બાળકોના પુરક આહાર વગેરેની પણ આ સભામાં ચર્ચા કરવામાં આવી હતી. સભાની શરૂઆત પહેલા શ્રી ઋષિકેશ પાંડાએ ગામના આરોગ્ય કેન્દ્રમાં કામ કરતી આંગણવાડીની બહેનો, જિલ્લા આઈસીડીએસના અધિકારી શ્રી છાયાબેન ઉપાધ્યાય, આરોગ્ય કેન્દ્રના ડૉ. સરોજીની ચૌધરી પાસેથી માહિતી મેળવી હતી. જમિયતપુરા ગામની સ્માર્ટ શાળાનું નિર્માણ અને તેની શિક્ષણ પધ્ધતિની પણ જાણકારી મેળવી હતી.

(તસવીર : દીપક જાની)

સૌથી મોટા રમતોત્સવ ખેલ મહાકુંભનો ટૂંક સમયમાં પ્રારંભ થઈ રહ્યો છે. ખેલ મહાકુંભની મશાલ યાત્રા બુધવારથી શરૂ થશે જેની તૈયારીના ભાગરૂપે ટાઉનહોલની બહાર ખેલ મહાકુંભના મોટા મોટા પોસ્ટર જોવા મળી રહ્યા છે. તડામાર તૈયારીઓ થઈ રહી છે.

શ્રી પાંચ તાલુકા પ્રાજપતિ સમાજ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૩

ગાંધીનગર, તા.૧૨

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ સ્વામી વિવેકાનંદ દહેગામ, યુવા મંચ દ્વારા સમાજના યુવાનોની ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૩નું પ્રાંતિયા ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેની ફાઈનલ મેચ તા. ૧૫ નવેમ્બરના રોજ રમાશે.

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, સ્વામી વિવેકાનંદ યુવા મંચ દહેગામ દ્વારા સમાજના યુવાનોમાં રહેલી શકિતઓ બહાર લાવવા તેમજ સમાજના યુવાનો એકબીજાથી પરિચિત થાય તેવા હેતુથી તા. ૭ નવેમ્બરથી ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૩નો શુભારંભ કરવામાં આવેલ છે. ટુર્નામેન્ટમાં પાંચ તાલુકામાં સમાવેશ જુદા જુદા ગામોની ૨૬ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. જેની ફાઈનલ મેચ તા. ૧૫ નવેમ્બરના રોજ પ્રાંતિયા ખાતે રમાશે. ટુર્નામેન્ટનું સફળ આયોજન કન્વીનર જશુભાઈ ગુર્જર-હાલીસા, અરવિંદભાઈ પ્રજાપતિ-લવારપુર, રાજુભાઈ પ્રજાપતિ-પરદોલ, પીંકલ ગુર્જર-જાલીયા મઠ, સંજયભાઈ પ્રજાપતિ-વાંચ, હસમુખભાઈ પ્રજાપતિ-પ્રાંતિયા, દિપકભાઈ પ્રજાપતિ-ગાંધીનગર-વિનુભાઈ પ્રજાપતિ-દહેગામ, અશોકભાઈ પ્રજાપતિ-પાલજ, પ્રદિપભાઈ પ્રજાપતિ-અમદાવાદ, જીજ્ઞેશભાઈ પ્રજાપતિ-નરોડા, રાજેન્દ્રભાઈ પ્રજાપતિ-પ્રાંતિજ તેમજ પ્રાંતિયા ગામના યુવાનોએ સહયોગ આપ્યો હતો.

અનુસૂચિત જાતિના બાળકો માટે યોગ સેમિનારનું આયોજન

અમદાવાદ, તા.૧૨

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના આદેશ અનુસાર ગાંધીનગર જિલ્લાના અનુસૂચિત જાતિના વસતિ ધરાવતા ઉમેદવારો માટે ગાંધીનગર ખાતે તા. ૩૧-૧૨-૨૦૧૩ પહેલા યોગ સેમિનારનું આયોજન વિના મૂલ્યે હાથ ધરવામાં આવનાર છે. યોગમાં રસ ધરાવતા અનુસૂચિત જાતિના ઉમેદવારોએ સિનિયર કોચ, ગાંધીનગર જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર, મહાત્મા ગાંધી વિદ્યાલય, સેકટર-૨૧ ગાંધીનગર (ફોન નં. ૨૩૨૪૧૧૮૦) ઉપર સિનિયર કોચનો સંપર્ક કરીને યોગ સેમિનાર માટેના પ્રવેશપત્ર વિનામૂલ્યે મેળવવાના રહેશે. આ પ્રવેશપત્રમાં સંપૂર્ણ વિગતો ભરીને તા. ૩૦-૧૧-૨૦૧૩ સુધીમાં ઉકત સરનામે રૂબરૂમાં અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. પસંદ થયેલા ઉમેદવારોને સિનિયર કોચ દ્વારા યોગ સેમિનાર અંગેની જાણ કરવામાં આવશે તેમ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

જાગૃત નાગરિક પરિષદનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનો નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૧મી નવેમ્બર સોમવારે યોજાયો હતો. જેમાં સંસ્થાના પદાધિકારીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં શહેરીજનોએ હાજરી આપી હતી.

સ્નેહમિલન કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીનગર સમાચારમાં દરરોજ સુપ્રભાતમ્ કોલમ લખતા સુરેશભાઈ ભટ્ટે તેમની કવિતાનું પઠન કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડિયાએ પ્રસંગોચિત ઉદબોધન કરતા સર્વે શ્રોતાઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપપ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી તથા અન્ય વકતાઓએ પણ પ્રસંગોચિત શુભેચ્છાઓ પાઠવી હતી. યુવા કાર્યકર મયુર દવેએ યુવાનોને સક્રીય પ્રવૃત્તિમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રમણભાઈ શ્રીમાળી અને નિરંજન ઓઝાએ ભકિતગીતો રજૂ કર્યા હતા. સ્નેહમિલન કાર્યક્રમમાં હાજર સૌ કોઈનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

ગાયત્રી શકિતપીઠ માણસાનો ૭મો પાટોત્સવ

આ ત્રિદિવસીય મહોત્સવમાં ડો. પ્રણવ પંડયા ઉપસ્થિત રહેશે

માણસા, તા.૧૨

માણસા ખાતે આવેલ ગાયત્રી શકિતપીઠ દ્વારા ૭મા પાટોત્સવનું આયોજન તા. ૧૫મી નવેમ્બરથી ૧૭મી નવેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા આયોજીત આ ત્રિદિવસીય મહોત્સવમાં શાંતિકુંજ હરિદ્વારના અધ્યક્ષ ડૉ. પ્રણવ પંડયા ઉપસ્થિત રહેનાર છે.

આ પાટોત્સવનો તા. ૧૫મી નવેમ્બરે સવારે ૮ વાગ્યાથી ઉમિયા માતાજીની વાડીથી શકિતપીઠ સુધીની ભવ્ય શોભાયાત્રા દ્વારા થશે. જેમાં મોટી સંખ્યામાં ગાયત્રી પરિવારના કાર્યકરો અને ધર્મપ્રેમી જનતા જોડાશે તેમજ આજુબાજુના ગામોમાંથી આવનારી શોભાયાત્રાઓ પણ જોડાશે. ૧૬મી તારીખે બીજા દિવસે ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનો વૈદિક મંત્રોચ્ચાર સાથે અશ્વમેધ પધ્ધતિથી પ્રારંભ કરાશે. આ સાથે વિદ્યારંભ, પુંસવનન સંસ્કાર તથા જન્મદિન-લગ્નદિન વગેરેની ઉજવણી કરાશે. ત્રીજા અને છેલ્લા દિવસે ૧૭મી નવેમ્બરે શાંતિકુંજ હરિદ્વારના અધ્યક્ષ ડૉ. પ્રણવ પંડયાના હસ્તે સાધના હોલ અને મા ભગવતી સ્વાવલંબન કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવનાર છે. આ દિવસે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન ગુજરાતભરમાંથી પધારેલા ગાયત્રી પરિવારના પરિજનો કાર્યકર્તાઓનું સંમેલન પણ યોજાશે.

સ્વાવલંબન કેન્દ્રમાં રોજગારી મેળવવા ઈચ્છતા યુવાનોને વિવિધ ઉદ્યોગો શરુ કરવા પ્રશિક્ષણ સુવિધા પુરી પાડવામાં આવશે. આ સંકુલમાં હોસ્ટેલ-કમ-શિક્ષણ સંકુલ આકાર લેશે. જેમાં ૨૫૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. તેમજ ધોરણ ૧ થી ૧૨ સુધી અંગ્રેજી માધ્યમમાં શિક્ષણની સુવિધા પણ કરવામાં આવનાર છે.

માણસા અને આજુબાજના ૭૦ જેટલા ગામોમાં વિવિધ સામાજીક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા માનવ ઉત્થાનની કામગીરી કરી રહેલા ગાયત્રી શકિતપીઠ દ્વારા છ વર્ષથી દર વર્ષે ૩૫૦થી વધુ દીકરીઓના આદર્શ લગ્ન, ખેડૂત સંમેલનો, આરોગ્ય કેન્દ્ર દ્વારા વિના મૂલ્યે તબીબી તપાસ અને દવાઓનું વિતરણ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ ઉપરાંત ૧૬ સંસ્કાર, તર્પણવિધી, અસ્થિ વિસર્જન જેવી ધાર્મિક પ્રવૃત્તિઓની સાથે માણસાની વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના સગાઓને વિના મૂલ્યે ટીફીન સેવા પૂરી પાડવામાં આવે છે. મા ભગવતી ભોજનાલય દ્વારા દરરોજ ૨૦૦થી વધુ લોકોને પ્રસાદ તેમજ રાહતદરે ભોજન વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. નવી પેઢીમાં ભારતીય સંસ્કારોનું સિંચન થાય તે માટે શાંતિકુંજ દ્વારા દર વર્ષે યોજાતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ગત વર્ષે માણસા કેન્દ્રમાંથી ૮૦૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.

૧૪મી નવેમ્બર વિશ્વ ડાયાબીટીશ ડે નિમિત્તે

ગાંધીનગર અને કલોલમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૨

સમગ્ર વિશ્વમાં ૧૪મી નવેમ્બર વિશ્વ ડાયાબીટીશ ડે તરીકે ઉજવાય છે. જેમાં આ મહારોગને નાથવા માટે જાગૃતિ કેલાવવા અને તેની સામે લડવાના સંકલ્પ કરવાના કાર્યક્રમો યોજાય છે. ગાંધીનગર અને કલોલ ખાતે આ દિવસે તેજ આઈ સેન્ટર દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયું છે.

ગાંધીનગરમાં સેકટર-૭માં આવેલા તેજ આઈ સેન્ટર ખાતે આ કેમ્પ ૧૪મી નવેમ્બર ગુરૂવારે બપોરે ૧ થી સાંજના ૭ કલાક દરમિયાન આ કેમ્પ યોજાશે. તેમજ કલોલમાં સરદાર બાગ પાસે આવેલા ડોકટર હાઉસના ત્રીજા માળે આવેલા તેજ આઈ સેન્ટર ખાતે આ કેમ્પ સવારે ૯.૩૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે. ગાંધીનગરમાંકેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ સે-૭માં પ્લોટ નં. ૯૦૧/૧ ખાતે આવેલ તેજ આઈ સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેવું ડૉ. તેજલ દલાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ડાયાબીટીશને કારણે દર્દીઓને ઘણી વાર આંખોની તકલીફો સર્જાય છે અને આંખે અંધાપો પણ આવી શકે છે. આથી ડાયાબીટીશના દર્દીએ નિયમિત નેત્ર નિદાન કરાવવું જરુરી બને છે. આ કારણને ધ્યાનમાં રાખીને આ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયું છે.

રજા ખરેખર મજા લઈને આવે છે?

કેમ્પસ
- ધ્વનિલ પારેખ

ઘમણાં તો સહુ દિવાળીની રજાઓમાં મસ્ત છે. કાનમાં ઠજી ફટાકડાંનો ઘોંઘાટ અને જીભ પર મિઠાઈનો અને અન્ય નાસ્તાઓનો સ્વાદ છે. કેટલાક કુટુંબો આ રજાઓમાં તહેવારને માણવાને બદલે બીજો વિકલ્પ પસંદ કરે છે અને ફરવા નીકળી પડે છે. હવે, આ પ્રકારના લોકોની સંખ્યા વધતી જાય છે અને તહેવારની ઊજવણીનું મહાત્મ્ય ઘટતું જાય છે. કેટલાક એવા પણ હોય છે કે તહેવારના ત્રણ દિવસની ઊજવણી કર્યા પછી બહાર ફરવા નીકળી પછે. ટૂંકમાં, દિવાળીની રજાઓનો સહુ પોતપોતાની રીતે આયોજન કરતા હોય છે અને આ આયોજનમાં શાળા, કોલેજોનો પણ સમાવેશ થઈ જાય છે.

રજાઓ પૂર્ણ થાય કે તરત માથા ઉપર પરીક્ષા રૂપી તલવાર તોળાતી જોવા મળે છે. સેમેસ્ટર પદ્ધતિને કારણે શિક્ષકો પાસે પરીક્ષા લેવી અને પરીણામ આપવું આ સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો હોય એવું લાગતું નથી. બે પરીક્ષા અને બે પરીક્ષાના પરિણામ તૈયાર કરવા, એ વચ્ચે જે સમય મળે એમાં થોડુંઘણું ભણાવવાનું આવતું હોય છે. (આ તો જે અધ્યાપકો ભણાવવા માગે છે એમના વિશેની ચિંતા છે, જેઓ ભણાવવું એ અછૂત કાર્ય સમજે છે એમને માટે...: ટૂંકમાં, દિવાળીની રજાઓ, જેવી પૂરી થશે કોલેજોમાં મોટાભાગે પરીક્ષાઓ શરૂ થઈ જશે. હવે તો એક સત્રની પરીક્ષા પૂરી થઈ કે એના પરિણામની અને વિદ્યાર્થીએ પણ તરત સ્વીય ઓન-ઓફની જેમ બદલાતા રહેવું પડતું હોય છે, એમ બદલાયા વિના એમનો પણ છૂટકો નથી, સિસ્ટમ જ આપણી એવી દાખલ થઈ છે કે, ભણતર ઓછું દેખાય અને માત્ર સિસ્ટમ જ દેખાયા કરે.

સેમેસ્ટર સિસ્ટમનો સૌથી મોટો લાભ એ છે કે, એ સિસ્ટમ સતત તમારા પર હાવી રહેતી હોય છે. તમે સેમેસ્ટર સિસ્ટમમાં અભ્યાસ કરો છો એવું વિદ્યાર્થીઓ એક પળ માટે પણ ભૂલી શકતા નથી કે નથી તો અધ્યાપકો પણ ભૂલી શકતા. શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષકોની પણ આ જ હાલત હોય છે. શિક્ષકો સેમેસ્ટર સિસ્ટમ નથી ભૂલી શકતા એનું કારણ એ જ કે એમની કામગીરી આ સિસ્ટમને કારણે વધી ગઈ છે. સેમેસ્ટર સિસ્ટમમાં ભણાવવાનું ઓછું થયું છતાં શિક્ષકોની કામગીરી ઓછી નથી થઈ પણ અન્ય પ્રકારની કામગીરીમાં વધારો થયો.

કોઈ શાળા કે કોલેજ એવી પણ હોય છે કે જે આ રજાઓનો લાભ પણ ઉમળકા માગતી હોય છે. આ રજાઓ દરમ્યાન પણ રૂમ-શાળા અભ્યાસક્રમો, કોર્સ શાળા-કોલેજો ચલાવતી હોય છે. હવે, આ રજાઓનો સમયગાળો છે તો એને રજાની જેમ માણવામાં શો વાંધો પડતો હોય છે? પણ ના. વિદ્યાર્થીને વધારે જ્ઞાન આપવાની લ્હાયમાં એમને રાતોરાત હોંશિયાર બનાવી દેવાની ઘેલછાંમાં રજાઓ દરમ્યાન પણ કશું તો કશું ભણતરના નામે ગતકડું ચાલતું રહે છે અને પોતાના બાળકોને પણ સર્વજ્ઞાની તરીકે જોવાની મહેચ્છા રાખનાર વાલીઓ પણ પોતાના બાળકને આવા વધારાના ભણતર માટે ઘોંચપરોણા કરતા હોય છે.

દિવાળીની રજાઓ કેટલાક માટે આફત રૂપ પણ બનતી હોય છે. જે શિક્ષક આ રજાઓ દરમ્યાન પેલા વધારાના ભણતરરૂપ કાર્યમાં જોતરાયો હોય છે તે અને એવા ભણતરનો લાભ લેનાર વિદ્યાર્થી બંને રજાઓને ગાળો દેતા હોય છે. આ રજાઓ આવી તો એમને વધારાનું કશું કરવું પડ્યું ને? અન્યથા સેમેસ્ટર પદ્ધતિનું રગશિયું ગાડું ચાલ્યે જતું હતું, કોઈને ક્યાં કશું નડતું હતું? પણ ના, આ રજાઓ આવી અને મજા બગાડી!